# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 14/09/2026** **EVENING: 7.50 TO 8.00**

**DAY: MONDAY** **NATIONAL NEWS**

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****************************************************

1) બ્રિક્સ નેતાઓએ કહ્યું, ઉર્જા સુરક્ષા સામાજિક અને આર્થિક વિકાસ, રાષ્ટ્રીય સુરક્ષા અને તમામ દેશના વિકાસ માટે મહત્વનો આધાર છે.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું , તમામ પ્રાદેશિકભાષાઓને સંપૂર્ણ સન્માન અને ગરિમા આપતા હિન્દીએ કેન્દ્રીય ભૂમિકા ભજવવી જોઈએ.

3) મિષ્ટી યોજના અંતર્ગત કચ્છમાં 27 હજાર હેક્ટરમાં મેનગ્રોવ રોપાઓ વાવીને ગુજરાત ની મહત્વની સિદ્ધિ - કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવની જાહેરાત.

4) વિઘ્નહર્તા, રિદ્ધિ-સિદ્ધિના દાતા અને સુખકર્તા ભગવાન ગણેશજીના આગમનના પાવન પર્વ ગણેશ ચતુર્થીની દેશભરમાં ઉજવણી

5) યમનના હૂથી બળવાખોરોએ દક્ષિણ લાલ સાગરમાં આવેલા કેટલાક અને વ્યૂહાત્મક ટાપુઓ પર કબજો કર્યો.

6) પુરુષ ક્રિકેટમાં બીજી ટ્વેન્ટી-ટ્વેન્ટી મેચમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે આવતીકાલે દિલ્હીમાં મુકાબલો.

*************************************************************************************

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# BRICS SUMMIT

બ્રિક્સ નેતાઓએ કહ્યું , ઉર્જા સુરક્ષા સામાજિક અને આર્થિક વિકાસ , રાષ્ટ્રીય સુરક્ષા અને તમામ દેશના વિકાસ માટે મહત્વનો આધાર છે. નવી દિલ્હીમાં યોજાયેલા બે દિવસના બ્રિક્સ શિખર સંમેલન દરમિયાન ભાગીદાર દેશોએ ઉર્જા બજારોમાં સ્થિરતા સુનિશ્ચિત કરીને અને વિવિધ સ્ત્રોતના માધ્યમથી ઉર્જાના અવિરત પ્રવાહને જાળવી રાખવા તથા મહત્વની ઉર્જા સ્થાપનોનું રક્ષણ કરીને ઉર્જા સુરક્ષા વધારવાની જરૂરિયાત પર ભાર આપ્યો.

સંમેલન દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચેતવણી આપી કે , ટેક્નોલોજી અને મહત્વના ખનીજોનો આર્થિક કે રાજકીય દબાણના સમાધાન તરીકે ઉપયોગ કરવાથી પ્રગતિમાં અવરોધ આવી શકે છે.

## (VC: DIPENDRA, BRICS)

***भारत ने अपनी अध्यक्षता के दौरान लोगों के विकास और ग्लोबल साउथ के हितों को विशेष महत्व दिया। इस सम्मेलन की सबसे बड़ी उपलब्धि सम्मेलन के पहले ही दिन सर्वसम्मति से नई दिल्ली घोषणा पत्र को अपनाना था। पश्चिम एशिया की स्थिति पर ब्रिक्स नेताओं ने सभी पक्षों से अधिकतम संयम बरतने, बातचीत और कूटनीति के माध्यम से समस्या का समाधान करने की अपील की। इसके अलावा सभी नेताओं ने हर तरह के आतंकवाद की कड़ी निंदा की और आतंकवाद के खिलाफ शून्य सहनशीलता की नीति के प्रति अपनी प्रतिबद्धता दोहराई। दीपेंद्र कुमार, आकाशवाणी समाचार, दिल्ली।***

# US ANALYST BRICS

અમેરિકાના એક વિશ્લેષકે નવી દિલ્હીમાં યોજાયેલા 18-મા બ્રિક્સ શિખર સંમેલનને ઘણું સફળ ગણાવ્યું. તેમણે કહ્યું , નવી દિલ્હી ઘોષણા-પત્ર અલગઅલગ વિચાર ધરાવતા દેશો વચ્ચે સર્વસંમતિ બનાવવાની ભારતની ક્ષમતાને દર્શાવે છે. એટલાન્ટિક પરિષદમાં દક્ષિણ એશિયા બાબતોના વરિષ્ઠ ફૅલો માઈકલ કુગેલમેને કહ્યું, આ ઘોષણાપત્ર ભારતની વધતી વૈશ્વિક સંકલન ક્ષમતા અને બ્રિક્સની વધતી સ્વીકૃતિને દર્શાવે છે.

# REV HM MUMBAI HINDI DIVAS

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે કહ્યું , ભારતની સંસ્કૃતિ અને સાહિત્ય કમળ જેવું છે. નવી મુંબઈમાં બે દિવસના હિન્દી દિવસ અને છઠ્ઠા અખિલ ભારતીય રાજભાષા સંમેલનના ઉદ્ઘાટન સમારોહને સંબોધતા શ્રી શાહે કહ્યું , તમામ પ્રાદેશિક ભાષાઓને સંપૂર્ણ સન્માન અને ગરિમા આપતા હિન્દીએ કેન્દ્રીય ભૂમિકા ભજવવી જોઈએ.

## (BYTE: AMIT SHAH, HOME MINISTER) LOTUS

*भारतीय साहित्य एक विकसित सतदल कमल की तरह है। जिसकी प्रत्येक पंखुड़ी हमारी प्रादेशिक भाषाएं हैं। किसी भी एक पंखुड़ी को नष्ट होने से कमल का सौंदर्य शोभा नष्ट हो जाएगा। मैं चाहता हूं कि प्रादेशिक भाषाएं रानी बनकर प्रांत में विराजमान रहे और इन सभी भाषाओं के बीच में हिंदी मध्य मणि बनकर इस शतदल कमल का सौंदर्य बढ़ाती रहे।*

# GUJARAT BHUPENDER YADAV

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે જાહેરાત કરી કે , ગુજરાતે ભારતમાં દરિયાકાંઠાના વિસ્તારોમાં અને ક્ષાર આસપાસ ચેરના વાવેતર માટેની કેન્દ્ર સરકારની મહત્વની પહેલ એટલે કે , “મિષ્ટી” યોજના અંતર્ગત કચ્છમાં 27 હજાર હેક્ટરમાં મેનગ્રોવ એટલે કે, ચેરના રોપાઓ વાવીને મહત્વની સિદ્ધિ હાંસલ કરી. પર્યાવરણ મંત્રીએ જખૌ સ્થિત વૈજ્ઞાનિક નર્સરીની પણ મુલાકાત લીધી.

પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી યાદવે ગુજરાતમાં દરિકાયાંઠાની જૈવ વિવિધતાના સંરક્ષણ અને લુપ્ત થયેલા વન્યજીવોના સંરક્ષણ માટે કરાયેલા મુખ્ય પ્રયાસ અંગે પણ માહિતી આપી.

## (BYTE: BHUPINDER YADAV, UNION HOME MINISTER)

***प्रधानमंत्री श्री नरेंद्र मोदी जी के द्वारा जो मिष्टी कार्यक्रम को लागू किया गया था उस मिष्टी कार्यक्रम में पूरे देश में समुद्रवर्ती क्षेत्रों में मैंग्रोव लगाने के कार्य को आगे बढ़ाया गया। यहां पर जखाऊ में एक नर्सरी का भी निर्माण किया गया। इसके साथ ही साथ नलिया में जो हमारा जीआईबी है ग्रेट इंडियन बस्टर्ड उसका कंजर्वेशन सेंटर का भी आज हम लोगों ने उद्घाटन किया है। गुजरात में लंबे समय तक कच्छ के क्षेत्र में ग्रेट इंडियन बस्टर्ड की जो संख्या कमी वराई थी उसके लिए चिंता की जा रही***

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ/**GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GANESH CHATURTHI

સમગ્ર દેશમાં આજે શ્રદ્ધા અને હર્ષોલ્લાસ સાથે ગણેશ ચતુર્થીના તહેવારની ઉજવણી કરવામાં આવી રહી છે. આ દિવસ ભગવાન ગણેશના જન્મનું પ્રતીક છે , જે બુદ્ધિ, સમૃદ્ધિ અને સૌભાગ્યના દેવતા છે. તેને વિનાયક ચતુર્થી કે ગણેશ ઉત્સવ પણ કહેવાય છે. 10 દિવસ સુધી ચાલનારા આ ઉત્સવનો આજે પહેલો દિવસ છે. આજે લોકો પોતાના ઘરોમાં ભગવાન ગણેશજીની માટીની મૂર્તિઓ સ્થાપિત કરે છે અને તેમની પૂજા કરે છે.

મહારાષ્ટ્ર માં ગણેશ ચતુર્થી ના ઉત્સવનો ઉત્સાહપૂર્વક પ્રારંભ થયો. મુંબઈમાં લાલબાગ ચા રાજા, ગણેશ ગલ્લી, તેજૂકાયા અને જી.એસ.બી. જેવી પ્રખ્યાત મૂર્તિઓના દર્શન માટે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યુ છે.

## (VC: MADHURI PANGE)

**महाराष्ट्र में गणेश चतुर्थी का उत्सव बड़े उत्साह के साथ शुरू हुआ। भक्तों ने प्रार्थना , आरती, भक्ति गीतों और गणपति बाप्पा मोरया के जयकारों के साथ भगवान गणेश का स्वागत किया। भीड़ और ट्रैफिक को संभालने के लिए पुलिस , रेलवे और बेस्ट ने खास इंतजाम किए हैं।इस साल शोर-शराबे वाले प्रदूषण को कम करने पर जोर दिया जा रहा है।माधुरी पांगे, आकाशवाणी समाचार, मुंबई।**

# GOVT ON JK

સરકારે જણાવ્યું, સેનાના અવિરત પ્રયાસના કારણે જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષા પરિસ્થિતિ મજબૂત રીતે નિયંત્રણમાં છે. સંરક્ષણ મંત્રાલયે તેના તાજેતરના વાર્ષિક અહેવાલ 2025-26માં જણાવ્યું હતું કે , આ પ્રયાસના કારણે હિંસામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. વિરોધ પ્રદર્શનોમાં પણ ઘટાડો નોંધાયો અને પથ્થરમારાની એક પણ ઘટના બની નથી.

# YEMEN HOUTHI

યમનના હૂથી બળવાખોરોએ દક્ષિણ લાલ સાગરમાં આવેલા કેટલાક અને વ્યૂહાત્મક ટાપુઓ પર કબજો કરી લીધો. યમનના અધિકારીઓ અને હૂથી પ્રવક્તાના જણાવ્યા મુજબ, બળવાખોરોએ હોર્મૂઝ સમુદ્રધૂનીથી 160 કિલોમીટર ઉત્તરમાં આવેલા ગ્રેટર હનીશ અને લેસર હનીશ ટાપુઓ પર લડવૈયાઓને તહેનાત કર્યા.

હજારો સરકારી સાથી દળોના દ્વિપસમૂહમાંથી પીછેહઠ કર્યા બાદ હૂથી બળવાખોરોએ આ ટાપુઓ પર કબજો કર્યો. આ કબજો ગયા અઠવાડિયે બળવાખોરો દ્વારા સાઉદી અરબ સમર્થિત યમનના સરકારી દળોથી હોર્મૂઝ સામુદ્રધૂનીમાં સ્થિત બંદર શહેર મોખા અને મયૂન ટાપુ પર કબજો કર્યા બાદ કરાયો.

# REV MENS CRICKET

પુરુષ ક્રિકેટમાં આવતીકાલે દિલ્હીમાં બીજી ટ્વેન્ટી-ટ્વેન્ટી આંતર-રાષ્ટ્રીય મેચમાં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે મુકાબલો થશે. ભારતીય સમય મુજબ , આ મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે. ગઈકાલે રાત્રે પહેલી મેચમાં સાત વિકેટથી વિજય થતાં ભારત હાલ ત્રણ મેચની શ્રેણીમાં એક-શૂન્યથી આગળ છે.

ભારતીય ક્રિકેટર અભિષેક શર્માએ 32 બૉલમાં 82 રન બનાવ્યા હતા. જ્યારે ઇશાન કિશને 42 રનનું યોગદાન આપ્યું. આ સાથે જ ભારતે અફઘાનિસ્તાને આપેલા 157 રનનો લક્ષ્યાંક માત્ર 13.4 ઑવરમાં ત્રણ વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો. અફઘાનિસ્તાને પહેલા બેટિંગ કરી નિર્ધારિત 20 ઑવરમાં આઠ વિકેટ ગુમાવી 156 રન બનાવ્યા હતા.

# EVE REV RBI DIRECTION

ભારતીય રિઝર્વ બૅન્કે સાયબર છેતરપિંડી અને વિવાદાસ્પદ વ્યવહાર પર પ્રતિબંધ લગાવવા મામલે નવા માળખાનો મુસદ્દો જાહેર કર્યો. તે અંતર્ગત બૅન્ક ખાતાની જગ્યાએ માત્ર વિવાદાસ્પદ વ્યવહારની રકમ પર જ અસ્થાયી રીતે પ્રતિબંધ લગાવી શકશે. જ્યારે એક હજાર રૂપિયા કે તેનાથી વધુની અસામાન્ય ટ્રાન્સફર મ્યૂલ ઍકાઉન્ટ અથવા સાયબર છેતરપિંડી સાથે જોડાયેલા હોવાની આશંકા હોય ત્યારે જ આવું કરી શકાશે. બૅન્કોને અચાનક ગ્રાહકની દર્શાવાયેલી પ્રોફાઈલ માટે અયોગ્ય કે જાણીતા સાયબર છેતરપિંડી નેટવર્ક સાથે જોડાયેલા ટ્રાન્સફરને ઓળખવા કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. આધારિત વ્યવહારની દેખરેખ પ્રણાલિનો ઉપયોગ કરવો પડશે.